Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

### દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪ થું. માહ. વિક્રમ સંવત ૧૯૬૩— અંક ૭ મો.

## પ્રભુ સ્તુતિ.

### ગીતિ.

શ્રી અરિહંત ચરણનું, સ્મરણ કરૂં શુદ્ધ ભાવના ધારી;
કર્મપંક[1] પરિહરવા,[2] નિત્ય ઉપાસું[3] જિનેશ શિવકારી.[4] ૧
આ ભવસાગર ભમતાં, જીવ અનંતા ઉપાધિઓ ધરતા;
જિનવર નામ જપી તે, શિવપદ સુખની સમાધિમાં ઠરતા. ૨

## સિદ્ધસૂરિ પ્રબંધ.

( અનુસંધાન ગત પૃષ્ટ ૧૪૬ થી )

સુપ્રભદેવ મંત્રીના બીજા પુત્ર શુભંકરને **લક્ષ્મી** નામે સ્ત્રી હતી. એ લક્ષ્મી ખરેખર લક્ષ્મીજ હતી. શ્રાવીકાના બધા સદ્ગુણોએ તે રમણીમાં વાસ કરેલો હતો. શુભંકર અને લક્ષ્મી

૧ કર્મરૂપી કાદવ. ૨ દૂર કરવાને, ૩ ઉપાસના કરૂં. ૪ મોક્ષકરનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંને શ્રાવક દંપતી પોતાના ધર્મ પ્રમાણે વર્તતા હત. તેમના ધાર્મિક ગુણથી શ્રીમાલ નગરની સર્વ પ્રજા તેમના ઉપર અત્યંત પ્રીતિ રાખતી હતી.

એક વખતે પ્રાતઃકાલનો સમય હતો, શુભંકર શય્યામાંથી ઉઠી શૌચ કરી શુદ્ધ થઇ સામાયિક લેવાની તૈયારી કરતો હતો, તેના ઘરના એક એકાંત ભાગમાં ધાર્મિક ક્રિયા કરવાને માટે જુદોજ ભાગ રાખ્યો હતો, તે ભાગ ધર્મગૃહ એવા નામથી ઓલખાતો.હતો. તેમાં દરરોજ શુભંકર અને લક્ષ્મી ધર્મ સંબંધી કાર્ય કરતા હતા. સામાયિક, પૌષધ, સ્વાધ્યાય અને અભ્યાસ વિગેરે બધા પવિત્ર કાર્યો એ ધર્મગૃહમાંજ થતા હતા. શુભંકર પોતાના નિત્ય શારીરિક કર્મથી પરવારી તે ધર્મગૃહમાં આવવા નીકલ્યો, તે વખતે તેની પવિત્ર સ્ત્રી લક્ષ્મી પાસે આવી પોતાની વાણીનું લાલિત્ય પ્રગટ કરી બોલી–પ્રાણનાથ, આજે મેં સ્વપ્નમાં એક વિશાલ સભા મંડપ જોયો, અને તેમાં મોટી પરિષદાને બોધ આપતાં એક મુનિરાજને અવલોકયા. પછી તરતજ મારાં નેત્ર નિદ્રા રહિત થઇ ગયા. એટલે હું જાગી ઉઠી. તે સાંભળી શુભંકર મંદ હાસ્ય કરતો બોલ્યો–પ્રિયા, એ સ્વપ્નનું દર્શન સર્વોત્તમ છે. કોઇ જૈન વિદ્વાન્ યોગી તમારા ગર્ભમાં અવતરશે. આપણો સત્પુત્ર જૈન દીક્ષા લઇ આપણાં મંત્રિકુળને દીપાવશે. પતિના આવા વચન સાંભલી પત્ની હર્ષિત થઇ અને વિદ્વાન પુત્રના પ્રસવની રાહ જોઈ આંગળીના વેઢા ઉપર ગર્ભના દિવસો ગણવા લાગી.

હવે શુભંકરની રમણી લક્ષ્મી સગર્ભા થઇ તે સૌંદર્યવતી શ્રાવિકાના લલાટ ઉપર ધાર્મીક તેજ ચલકતું હતું. વિવિધ પ્રકારના પવિત્ર દોહદો તેણીના હૃદયમાં પ્રગટ થતા હતા. પેહેલાના કરતાં તેની ધાર્મીકવૃત્તિ વિશેષ દૃઢ થઇ હતી. તે પ્રતિદિવસ સ્વાધ્યાય ધ્યાન વિશેષ કરતી અને સારી ભાવનાઓ ભાવ્યા કરતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે યોગ્ય સમય થયો ત્યારે ધર્મ લક્ષ્મીથી અલંકૃત એવી લક્ષ્મીએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો, આ પ્રભાવિક પુત્રના જન્મ વખતે દિશાઓ નિર્મળ થઈ ગઈ. સર્વ સ્થળે ધાન્ય ઉત્પાત થઇ રહ્યા, કુદરતે મહાપુરૂષના બધા શુભચિન્હો સ્વભાવથીજ પ્રગટ કરી દીધા. મંત્રી પુત્ર શુભંકરને ઘેર પુત્ર જન્મ થવાના ખબર સાંભળી શ્રીમાલપુરની પ્રજા ઘણીજ ખુશી થઇ. સર્વ જ્ઞાતિઓના અગ્રેસરો પોતાની ખુશાલી બતાવવાને શુભંકરના સદનમાં આવવા લાગ્યા. લક્ષ્મીના સૂતિકા ગૃહની આગળ સૌભાગ્ય રમણીઓ ટોળે ટોળે આવી બાળકની માતાને ખુશી ખબર અને સુખશાતા પુછવા લાગી. શ્રી માલપુરના પતિ શ્રી ધર્મલાભ રાજાએ પણ પોતાના હજુરી માણસોને મોકલી મોટી ખુશાલી જાહેર કરી; અને પોતાના પ્રમાણિક મંત્રીના કુટુંબઉપરનો નિરવધી પ્યાર દર્શાવ્યો.

બાલક બાર દિવસનો થયો એટલે શુભમતિવાળા શુભંકરે નૈમિત્તિક બોલાવી તેના જન્મગ્રહ જોવરાવી તેના નામને માટે પુછયું. નૈમિત્તિકે રાશીચક્ર જોઇ કહ્યું કે, મંત્રિપુત્ર, આ કુમારનું નામ કુંભરાશિ ઉપર આવે છે. તે ઉપરથી વિચાર કરી ચતુર પિતાએ તે પુત્રનું નામ **સિદ્ધ** પાડયું. કારણ કે, તેણે વિચાર્યું કે, આ પુત્રની માતાને શુભ સ્વપ્ન આવેલ છે, જેથી તે પુત્ર પોતાના પરલોકના કાર્યો **સિદ્ધ** કરવાનો છે, વળી તે આર્હત ધર્મની પવિત્ર દીક્ષા લઇ **સિદ્ધ**ની પદવીનો કોઇ વાર અધિકારી થવાનો છે, માટે તેનું નામ **સિદ્ધ**જ પાડવું યોગ્ય છે. આવા અનેક વિચારો કરી શુંભકરે પોતાના પુત્રનું **સિદ્ધ** એવું નામ પાડયું હતું.

**સિદ્ધ** શુકલપક્ષના ચંદ્રની જેમ વધવા લાગ્યો. એનામાં બાલ્યવયથીજ બુદ્ધિના ચમત્કારો દેખાતા હતા. એની મનોવૃત્તિમાં વાગ્દેવીના સુંદર બીજ અંકુરીત થયા હતા, સ્મરણ શક્તિની તીવ્રતા ઉદિત થઇ અજ્ઞાનતા દિવ્ય પ્રભાવને સંપાદિત કરતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે **સિદ્ધ** બાલ્ય વયમાંથી મુક્ત થઇ કિશાર વયમાં પ્રવેશિત થયો ત્યારે તેનામાં સારાને બદલે નરસા ગુણાનો પ્રાદુર્ભાવ થવા માંડયો. તેની ચાતુર્ય ભરેલી બુદ્ધિનો પ્રવાહ વિપરીત માર્ગે દોરાવા માંડયો. સમાન વયના બાલકોના વૃંદમાં ક્રીડા કરવાને તેનું મન આકર્ષાયું. તેનો પિતા શુભંકર ઘણો બોધ આપી સમજાવતો તો પણ તે ઉચ્છૃંખલ બાલક તેનો અનાદર કરી ક્રીડાપરાયણ રહેતો હતો.

એક વખતે શ્રાવક ધર્મી પિતા શુભંકરે સિદ્ધને બોલાવી પોતાના ઉત્સંગમાં બેસારીને નીચે પ્રમાણે કહયું:—

વત્સ, હવે તું યુવાન વયનો અધિકારી થયો છું. હવે તારે હૃદયમાં વિચારવું જોઇએ, કે, ' હું કોણ છું, કોના કુટુંબનો છું ? અને મારો ધર્મ શો છે ? બેટા, તું આ શ્રીમાલ નગરના રાજાના એક મંત્રીના કુટુંબનો એક માનવંતો પુત્ર છું. તારા પિતામહની સત્કીર્તિ ભારતવર્ષની ચારે દિશાઓમાં પ્રસરેલી છે. વળી તારૂં કુટુંબ આર્હત ધર્મનું ઉપાસક છે. તારા ગૃહ કુટુંબમાં જૈન ધર્મની પવિત્ર ભાવના રહેલી છે. આવો વિચાર કરી તારે તારી વર્ત્તણુક સુધારવી જોઇએ. તારા જેવો એક મંત્રિપૌત્ર અને શ્રાવક પુત્ર થઇ અનુચિત પ્રવર્તન આચરે, એ કેવું ખરાબ કહેવાય ? પ્રિય પુત્ર તું દીર્ઘ વિચાર કરી જો. થોડા વખતમાં એક કુલીન કન્યાની સાથે તારો વિવાહ કરવાનો છે. વિવાહ થયા પછી તું એક ગૃહસ્થ. ધર્મનો ભોક્તા થવાનો છું, ગૃહસ્થ થયેલા તરૂણ પુરૂષે કેવું પ્રવર્ત્તન રાખવું જોઇએ એ પણ તારે વિચારવાનું છે.

શુભંકરનાં આવાં વચન સાંભળી સિદ્ધ કાંઇ પણ બોલ્યો નહિ. પિતાના હિતકારી વચનોએ તેના અંતરંગમાં કાંઇ પણ અસર કરી નહીં. તરતજ જનકના ઉત્સંગમાંથી ઉભો થઇ તે ક્રીડા કરવાને માટે ચાલતો થયો. પુત્રની આવી વિષમ પ્રવૃત્તિ જોઇ શુભંકર વધારે ચિંતાતુર થઇ ગયો. તે વખતે તેની સ્ત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્મી અંતર્ગૃહમાંથી બાહેર આવી. પોતાના પતિને ચિંતાતુર જોઇ એ ચતુરા બોલી–પ્રાણેશ, શેની ચિંતા કરો છો? આપણો સિદ્ધ કયાં ગયો છે? હું તેને માટેજ તમને કહેવા આવી છું. સ્વામીનાથ, મારા સ્વપ્ન વિષે તમે કહેલું તે તદ્દન મૃષા થાય છે, થાય છે. તેવા શુભ સ્વપ્નથી સૂચિત એવો પુત્ર આવો દુર્ગુણી કેમ થાય? આવા પુત્રથી શુભની આશા શી રીતે રાખી શકાય? લક્ષ્મીના આવાં વચન સાંભળી શુભંકર બોલ્યો,—પ્રિયા, મને પણ એજ આશ્ચર્ય થાય છે, તથાપિ મારા મનમાં શાસ્ત્રની શ્રદ્ધા શિથિલ થતી નથી. શાસ્ત્રકારોએ સ્વપ્નને માટે જે કહેલું છે, તે કદિ પણ અન્યથા થતું નથી. ગમે તેમ થાય તો પણ શાસ્ત્રીય વચનો મૃષા થતાંજ નથી. જ્યારે પુત્ર સિદ્ધની તરફ જોઇ વિચાર કરૂં છું, ત્યારે મને આશ્ચર્ય થાય છે. પ્રિયા, સિદ્ધને મેં હમણાંજ શાંતિથી ઉપદેશ આપવા માંડયો, તો પણ મારા ઉપદેશનો અનાદર કરીને ઉન્મત પુત્ર ચાલ્યો ગયો. હવે પુત્રને માટે શું કરવું? એજ વિચાર મારા હૃદયમાં ઉત્પન્ન થયો છે. છેવટે હું એવા નિશ્ચય પર આવું છું કે જો એ તરૂણ પુત્રનો વિવાહ કરવામાં આવે તો વખતે તે સન્માર્ગનો સાથી થાય કારણ કે કુલીન કાંતાના સમાગમથી તેનો સ્વભાવ સુધરી જાય અને જ્ઞાનવતી તથા બુદ્ધિ મતી કુલીન બાલાના યોગે તેનામાં સમજણ આવે એ સંભવિત છે. શુભંકરના આ વિચારો જાણી લક્ષ્મી ખુશી થઈ અને તેણીની મનોવૃત્તિમા પુત્ર સુધરવાની ઊમદી આશા ઊત્પન્ન થઇ આવી. લક્ષ્મી હાસ્ય કરતી બોલી પ્રાણેશ, તમારા વિચારો મને યોગ્ય લાગે છે. વિવાહિત થયેલો સિદ્ધ સુધરી જશે એ વાત મને પણ સંભવિત લાગે છે. કુલીન કન્યાઓ ઊભય કુળનો ઉદ્ધાર કરનારી હોય છે, એ વાત શાસ્ત્ર અને લોક પ્રસિદ્ધ છે. ઘણાં ઉન્મત પુરૂષો રમણીના રસના રસિક બની સુખ સંપાદન કરી શકયા છે. વ્યભિચાર જેવા દુર્વ્યસનમાં આશક્ત થયેલા ઉચ્છૃંખલ યુવાનોને ઘણી સદ્ગુણી સુંદરીઓ સન્માર્ગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોરી લાવી છે, તેથી સ્વામી, જો આપણો સિદ્ધ વિવાહિત થાશે તો વખતે સારી સ્થિતિમાં આવી જશે. આપના દીર્ઘદૃષ્ટિ ભરેલા વિચારોને હું સર્વરીતે મળતી છું.

આ પ્રમાણે બંને દંપતી નિશ્ચય કરી સિદ્ધના વિવાહને માટે તૈયારી કરવા લાગ્યા. શ્રીમાલનગરમાં રહેનારા એક **વિમલમતિ** નામના ધનાઢયની **સુબોધા** નામની એક કન્યાની સાથે સિદ્ધનો સંબંધ કરવામાં આવ્યો. સુબોધા ખરેખરી સુબોધાજ હતી. તેણીએ ધર્મ તથા વ્યવહારને ઉપયોગી કેટલુંએક સારૂં જ્ઞાન સંપાદન કર્યું હતું. સતી ધર્મની પવિત્ર છાપ તેણીના આસ્તિક હૃદયમાં પડી હતી. તેની મનોવૃત્તિમાં સ્રી જીવનની સાર્થકતા કેવી રીતે થાય અને સ્રી જીવનની ઉન્નતિ શેમાંછે એજ વિચારો ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતા હતાં. એ સુબોધાની સાથે સિદ્ધનો વિવાહ કરવામાં આવ્યો. તેમના વિવાહના આનંદોત્સવમાં શ્રીમાલનગરની સર્વ પ્રજાએ સારો ભાગ લીધો. સિદ્ધ અને સુબોધાનો યોગ જોઇ લોકો અનેક પ્રકારની વાતો કરવા લાગ્યા. સિદ્ધ એક ઉચ્છૃંખલ અજ્ઞાની તરૂણ છે અને **સુબોધા** એક સુશિક્ષિત શ્રાવકબાલા છે, તેમનો સંસાર સુખદાયક કેમ નીવડે? કયાં કસ્તૂરી? અને કયાં કાદવ! એવી રીતેજ આ દંપતીનો યોગ થયો છે. કર્મની ગતિ વિચિત્ર છે. ઉચિત અને અનુચિત તથા કોમલ અને કઠિન–એપરસ્પર વિરૂદ્ધ ધર્મનો યોગ કર્મથી થઇ શકે છે. કર્મની મહાન્ સત્તા આગળ કોઇનું કંઇપણ ચાલતું નથી. કર્મ એ મહાન્ અદ્દ્ભુત વસ્તુ છે. તે એક છતાં વિવિધ પ્રકૃતિઓને લઇને અનેક રૂપે થયા કરે છે. તેના પ્રકૃતિ જાલમાં આ બધું વિશ્વ ઓતપ્રોત થઇ રહ્યું છે, વિધિના અદ્દ્ભુત ચમત્કારો, અઘટિત બનાવો અને અતકર્ય ભાવો એ કર્મની મહાન્ સત્તાને લઇનેજ થયા કરે છે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સોળ સંસ્કાર.

## ૮ નામકરણ સંસ્કાર

શુચિ કર્મ સંસ્કાર થયા પછી આઠમો નામકરણ સંસ્કાર કરવામાં આવે છે. આ પવિત્ર સંસ્કારમાં શ્રાવક શિશુનું નામ પાડવાનો પ્રકાર દર્શાવેલો છે. જેનાથી શ્રાવક સ્થૂલ શરીરને જગતમાં ઓલખાવી શકે, તેવા નામનો સંસ્કાર કરવાની ખાસ આવશ્યકતા છે. વિધિ પૂર્વક કરેલો તે સંસ્કાર નામવાલી વ્યકિતની ઉપર ધાર્મીક અસર કરી શકે છે. તે પવિત્ર વિધિના મંત્રોના ઉચ્ચાર સાથે સ્થાપિત કરેલું નામ યાવત્જીવિત એ સંસ્કારના બળથી અંતરંગમાં ઉત્તમ પ્રકારના ગુણોને રેડયા કરેછે.

નામકરણ સંસ્કારનો હેતુ બીજી રીતે પણ ઘણો ઉત્તમ પ્રકારનો ગણાય છે· નામ પાડવું, એ ગુણ અને કર્મને અનુસારે છે, એટલે પ્રાયે કરીને ગુણ અને કર્મને ઉદ્દેશીને નામ પાડવામાં આવે છે. જન્મેલો બાળક ભવિષ્યમાં કેવા ગુણવાળો અને કેવું કામ કરનારો થશે ? એ સૂચનાનું અવલંબન કરીને નામ પાડવામાં આવે છે. પૂર્વે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસારે નામ પાડવામાં આવતા હતા. ગર્ભિવતી માતાએ ભવિષ્યને સૂચવનારા સ્વપ્નોના ભાવ ઉપરથી જ્યોતિર્વેત્તાઓ અને વિદ્વાન્ પિતાઓ પોતાના બાલકોના નામ પાડતા અને આર્હત ધર્મના પવિત્ર મંત્રોથી નામકરણનો ઉત્તમ સંસ્કાર કરતા હતા. જન્મ વખતે આ વિશ્વમાં કાળ કે ક્ષેત્ર ઉપર કાંઇ ચમત્કારી અસર થઇ હોય, તે ઉપરથી પણ નામની ભાવના ઉભી થતી હતી. જેમકે, અભિનંદન પ્રભુના જન્મ વંખતે આ બધું વિશ્વ ચારે તરફ આનંદ પામ્યું હતું, તે ઉપરથી તે પ્રભુનું નામ અભિનંદન પડયું. સુમતિ પ્રભુ ગર્ભમાં હતા ત્યારે તેમની માતાને કોઇને ઇનસાફ આપવાની સારી મતિ થઇ તેથી તે પ્રભુનું નામ સુમતિ કહેવાયું. આ પ્રમાણે વિવિધ જાતના નામની ભાવનાઓ થતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા પવિત્ર નામ કરણના સંસ્કારને માટે આ આર દિનકરમાં સારો પ્રકાર દર્શાવ્યો છે. આ સંસ્કાર .શુચિકર્મના સંસ્કાર તે દિવસે, અથવા તેનાથી બીજે કે ત્રીજે શુભ દિવસે કરવાનો કહેલો છે. નામ કરણમાં જે નામની યોજના રાશિ ઉપર થાયછે, તેથી તે સંસ્કાર વખતે ગ્રહ બળ જોવાની ખાસ આવશ્યકતા દર્શાવી છે. આ પવિત્ર સંસ્કાર કરતી વખતે જ્યોતિષ વિદ્યાને જાણનારા કોઇ પવિત્ર ગૃહસ્થ જોષીને બોલાવવામાં આવે છે. તે વિદ્વાન્ જોષી જન્મેલા બાલકના જન્માક્ષરમાં ગુરૂ અને શુક્ર લગ્નથી ચોથી રાશિમાં આવેલા હોય અને શ્રાવકના શિશુને ચંદ્રનું પૂર્ણ બળ હોય, તે જોઇનેજ નામકરણ સંસ્કારનો આરંભ કરે છે.

જે દિવસે નામકરણ સંસ્કાર કરવાનો હોય, તે દિવસે ગૃહસ્થગુરૂ શ્રાવકના ઘરમાં ઉત્તમ સ્થાને આવી શુભ આસનપર બેસે છે, અને પ્રથમ પંચપરમેષ્ટી મંત્ર ( નવકાર )નું પ્રીતિથી સ્મરણ કરે છે. આ વખતે બાળકનો પિતા અથવા પિતામહ હાથમાં પુષ્પ તથા ફળ લઇ જોષી સાથે બેઠેલા ગુરૂને નમસ્કાર કરી વિનંતી કરે છે. તે વખતે તે વિનયથી કહે છે કે, " હે ભગવત, મારા પુત્રને નામકરણ સંસ્કાર કરો " તે પ્રસંગે બાળકનો પિતા, પિતામહ વિગેરે કુળપુરૂષો અને કુળની વૃદ્ધસ્ત્રીઓ આવી પાસે બેસે છે, તેમની સમક્ષ જ્યારે શ્રાવક પિતા નામ કરણ સંસ્કાર કરવાને વિનંતી કરે છે, ત્યારે તે કુળના વૃદ્ધ પુરૂષો અને વૃદ્ધ સ્ત્રીઓ જોષીને જન્મ લગ્ન કહેવાને માટે આજ્ઞા કરે છે. તે પછી જોષી એક સુંદર પાટલા ઉપર ખડીવતી બાળકની જન્મકુંડલી કરી તેમાં ગ્રહોને સ્થાપિત કરે છે તે પછી ગૃહસ્થગુરૂ બાળકના પિતા તથા પિતામહ વિગેરેની પાસે તે જન્મકુંડલીની પૂજા કરાવે છે. જન્મકુંડલીમાં બાર રાશિઓ લખવામાં આવે છે, તેથી સુવર્ણમુદ્રા, રૂપ્યમુદ્રા, તામ્રમુદ્રા, સોપારી, ફળ, શ્રીફળ અને નાગરવેલના પાન એ દરેક વસ્તુ બાર રાશિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે બાર બાર લઇ પૂજન કરવામા આવેછે, તે પછી તે બધી નવનવ વસ્તુઓ લઇ નવ ગ્રહોની પૂજા કરવામાં આવે છે. તે પછી જોષી તેઓ બધાને બાળકના જન્મગ્રહનું ફળ સંભળાવે છે. તે પછી જોષી પાટલા ઉપર આળેખેલ જન્મકુંડળીને કુંકુંમાક્ષર વડે પત્ર ઉપર લખે છે અને તે લખીને કુળના વૃદ્ધ પુરૂષને સોંપી દેછે. તે પછી બાળકનો પિતા જોષીને વસ્ત્ર, સુવર્ણ વિગેરે આપી તેનું સન્માન કરેછે, સન્માનથી પ્રસન્ન થયેલા જોષી તે પછી બાળકના નામની જન્મ નક્ષત્ર ઉપરથી રાશિ જણાવે છે અને પિતાની સંમતિ લઇ બાળકનું નામ સૂચવે છે. નામ સૂચવ્યા પછી જોષી પ્રસન્ન વદને પોતાને ઘેર ચાલ્યા જાય છે. અને તે ગૃહસ્થ ગુરૂ સર્વકુલના વૃદ્ધ પુરૂષો વૃદ્ધ સ્ત્રીઓ અને બાળકના પિતાની સંમતી લઇ હાથમાં દુર્વા રાખી નવકારમંત્ર બોલી કુલની વૃદ્ધ સ્ત્રીઓના કાનમાં તે બાળકનું નામ જાહેર કરે છે. તે નામ જાતિ અને ગુણને યોગ્ય હોવું જોઇએ; એવો વિચાર તે સ્થલે દર્શાવ્યો છે. બાળકનું નામ જાહેર થયા પછી તે બાલકને જિનમંદિરમાં દર્શન કરાવા લઇ જવામાં આવેછે. તે વખતે બાળકને તેની માતા પોતાની ગોદમાં લઇ પાલખી કે ગાડીમાં બેસી સૌભાગ્યવતી સ્ત્રીઓના ગીત અને વાજીંત્રોના નાદ સાથે જિનમંદિરમાં જાય છે. માતા અને બાળક બંને જિનભગવાન્‌ને નમસ્કાર કરી તેમની આગળ ચોવીશ સોનામોહોર, રૂપામોહોર, ફલ અને શ્રીફલ વિગેરે નૈવેદ્ય ધરેછે. તે પછી કુલવૃદ્ધ સ્ત્રીઓ દેવની આગળ તે બાળકનું નામ પ્રકાશ કરે છે. કદિ ગામમાં ચૈત્ય ન હોયતો આ વિધિ ઘર દેરાસરમાં કરી શકાય છે. જિન પ્રતિમાના દર્શન કરાવી માતા બાળક સહિત પૌષધશાલામાં આવે છે. ત્યાં મંડળી પટ્ટનું સ્થાપન કરવામાં આવે છે. અને તેની નીચે પ્રમાણે પૂજા કરવામાં આવે છે.

મંડળી પટ્ટ પાસે બેઠેલી પુત્રની માતા **"श्री गौतमाय नमः"** એ મંત્ર બોલી તેની પૂજા કરે છે. મંડળીના પટ્ટને એ મંત્રથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગંધ, અક્ષત, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કરે છે. પછી સુવર્ણની દશ મુદ્રા, રૂપાની દશ મુદ્રા, એકસો આઠ સોપારી, ઓગણત્રીશ શ્રીફલ, અને ઓગણત્રીશ વસ્ત્રના ખંડ તેમાં સ્થાપિત કરે છે. તે પછી માતા પોતાના બાળકને તેડીને મંડળી પટ્ટને પ્રદક્ષિણા કરી ગૃહસ્થ કે યતિ ગુરૂને નમસ્કાર કરે છે. ત્યારબાદ સુવર્ણની નવ મુદ્રા લઇ ગુરૂના નવ અંગની પૂજા કરવામાં આવેછે. તે પછી નિરૂંધના અથવા આરતી કરી ક્ષમા શ્રમણ પૂર્વક બે હાથ જોડી બાલકની માતા ગુરૂને નીચેનું વાક્ય બોલી વિનંતિ કરે છે.

"वासरेखंवं करेह" "ગુરૂજી વાસક્ષેપ નાખો." પછી ગુરૂ "ॐ ह्रीं श्रीं એ અક્ષરો જોડી કામધેનુ મુદ્રા કરી વર્દ્ધમાન વિદ્યાનો જપ કરી માતા અને બાળક બંનેના શિર ઉપર વાસ ક્ષેપ નાખે છે. અને તેમના શિર ઉપર ॐ ह्रीं श्रीं એ ત્રણ અક્ષરોનો સંનિવેશ કરે છે. તે પછી બાલકના નામના અક્ષર સહિત ચંદનનું તિલક કરે છે અને કુલની વૃદ્ધા સ્ત્રીઓનો અનુવાદ કરી તે બાળકનું નામ સ્થાપન કરે છે. તે પછી તેવીજ યુક્તિથી ગાજતે વાજતે તેઓ પાછા પોતપોતાને ઘેર આવે છે અને ઘેર આવીને યતિગુરૂને શુદ્ધ આહાર, વસ્ત્ર અને પાત્રના દાન આપે છે અને ગૃહસ્થ ગુરૂને વસ્ત્ર, અલંકાર તથા સુવર્ણના દાન આપેછે.

આ પ્રમાણે આઠમો નામકરણ સંસ્કાર સમાપ્ત થાય છે. આ પવિત્ર સંસ્કાર વિધિ પુર્વક કરવામાં આવે તો જૈન બાળકને ભવિષ્યમાં સારી અસર કરેછે. દરેક વ્યક્તિને નામ ધારણ કરવાની આવશ્યકતા છે. પણ જો તે નામ વિધિ પૂર્વક ધારણ કરવામાં આવ્યું હોય તો તેનો પ્રભાવ ઘણો સારો પ્રકાશિત થાય છે. આ નામકરણ સંસ્કારમાં જે મંત્ર આપવામાં આવ્યા છે, તે મંત્રના અધિષ્ઠાયક દેવ બળવાન હોઇ તેની દિવ્ય અસર સંસ્કારી બાળકમાં ધાર્મિક વૃત્તિને પ્રેરે છે. તેથી દરેક શ્રાવક ગૃહસ્થે આ પવિત્ર સંસ્કારો આચરવાની જરૂર છે. આ ભારતવર્ષમાં પ્રાચીન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલે પ્રચલિત એવી જૈનોની સંસ્કાર રીતિ જે અત્યારે લુપ્ત થયેલી છે, તે પાછી જાગ્રત થાય તો જૈન પ્રજા પોતાની પૂર્વની ઉન્નતિ સંપાદન કરી શકે, એ નિઃસંદેહ વાત છે.

## આર્ય.

આર્ય એ શબ્દ ઘણો પ્રાચીન છે, આર્ય થવાને માટે ભારતવર્ષની સર્વ પ્રજા વિવિધ પ્રકારે પોતપોતાનો દાવો સાબિત કરે છે. દરેક ઉત્તમ પ્રજા આર્ય થવાને મગરૂર થાય, એમાં કાંઇપણ આશ્ચર્ય નથી. આ ભારતવર્ષ આર્ય પ્રજાના નિવાસથી આર્યાવર્ત્ત એવા બીજા નામથી ઓળખાય છે. હવે આવા પવિત્ર આર્યત્વને માટે જૈન શાસ્ત્રમાં પણ સારૂં વિવેચન કરેલું છે. એ મહાન સમર્થ વિદ્વાનોએ આર્ય દેશ અથવા આર્ય ક્ષેત્રને સિદ્ધ કરવાને માટે આર્ય શબ્દને વિવિધ પ્રકારના ભેદ પાડી સમજાવ્યો છે; તે દરેક જૈન વ્યક્તિને જાણવા યોગ્ય છે. જૈનધર્મના પ્રાચીન અને પવિત્ર પ્રજ્ઞાપના સુત્રમાં એ વાત ઘણી રીતે સ્પષ્ટ કરીને લખેલી છે.

તે સ્થળે આર્ય એ શબ્દનો અર્થ ઘણોજ ખુબી ભરેલો કરેલો છે. " **आरात् हेयधर्मेभ्यः याताः उपादेय धर्मैः प्राप्ताः इति आर्याः** " ત્યાગ કરવા યોગ્ય ધર્મોથી દૂર ગએલા અને અંગીકાર કરવા યોગ્ય ધર્મોથી પ્રાપ્ત થએલા તે આર્ય કહેવાય છે. એટલે જેઓ અધર્મનો ત્યાગ કરી ધર્મનો અંગીકાર કરનારા હોય, તે આર્ય કહેવાય છે. આવા શબ્દાર્થ પ્રમાણે આર્યજીવન સિદ્ધ થયેલું છે. ભારતવર્ષના પૂર્વ આર્યોએ એવું જીવન સિદ્ધ કરી બતાવી પોતાના આર્યત્વના ગૌરવને વિશેષ વૃદ્ધિ પમાડેલું છે.

એ આર્યના નવ પ્રકાર દર્શાવેલા છે, ૧ ક્ષેત્રાર્ય, ૨ જાત્યાર્ય ૩ કુલાર્ય, ૪ કર્માર્ય. ૫ શિલ્પાર્ય, ૬ ભાષાર્ય, ૭ જ્ઞાનાર્ય ૮ અને ૯ ચારિત્રાર્ય આ નવ પ્રકારે આર્યત્વના ભેદ પડી શકે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તે તે અંશે તેનામાં આર્યત્વ સ્પષ્ટ રીતે દૃશ્યમાન થાય છે.

આ હિંદ દેશને પ્રાચીન જૈન વિદ્વાનો આર્ય દેશના નામથી ઓળખાવે છે. અને જેમાં બધા મળીને બત્રીશ હજાર દેશ વસતા હતા, તે ભરતક્ષેત્ર કહેવાય છે, એવો આર્હત સૂત્રમાં લેખ પણ આપેલો છે. તેમાં કેટલાએક અનાર્ય દેશો પણ રહેલા છે. અનાર્ય દેશોથી ભિન્ન એવા જે સાડી પચવીશ આર્ય દેશો છે, તે પેહેલા **ક્ષેત્રાર્ય** કહેવાય છે.

બીજા **જાત્યાર્યમાં** આર્યજાતિની ગણના કરેલી છે. તેમાં મુખ્યપણે છ આર્યજાતિ કહેલી છે. ૧ અંબષ્ઠ, ૨ કલિંદ ૩ વૈદેહ ૪ વેદાંગ, ૫ હરિત અને ચુંચણુ—એ છજાતિ આર્યજાતિમાં મુખ્ય છે. તે **ઇભ્યજાતિ** એવા નામથી પણ ઓળખાય છે. જે જાતિઓ એ છ જાતિઓમાં સંયુક્ત છે, તેજ જાતિ આર્ય, બાકીની જાતી આર્ય ગણાતી નથી. જોકે બીજા શાસ્ત્રમાં અનેક જાતિ કહેલી છે, તોપણ ઉપરની છ જાતિ લોકમાં પુજનીય તરીકે પ્રસિદ્ધ છે.

સાંપ્રતકાલે આર્ય જાતિના નામ રૂપાંતર થઇ ગયેલા છે, તોપણ પરંપરાએ એ આર્યત્વની છાયા ઉપરની છ જાતિમાં રહેલી છે. અને તે છ જાતિઓમાં બધી આર્ય જાતિનો સમાવેશ થઇ જાય છે. ત્રીજા કુલાર્ય કહેવાય છે, તે કુલાર્યમાં છ કુલનો સમાવેશ કરેલો છે. ૧ ઉગ્રકુલ, ૨ ભોગકુલ, ૩ રાજન્યકુલ ૪ ઇક્ષ્વાકુકુલ, ૫ જ્ઞાતકુલ અને ૬ કૌરવકુલ—એવા એ છ કુલના નામ છે. આ છ કુલની ગણના ક્ષત્રિય કુલને ઉદ્દેશીને કહેલી છે. આદીશ્વર ઋષભ ભગવંતે જે કુલને પુરરક્ષક અથવા દેશરક્ષકની પદવી આપી હતી, તે પેહેલુ ઉગ્ર કુલ થયેલું છે., અને તેના વંશજો ઉગ્રકુલના નામથી ઓલખાયા છે. એજ પ્રભુએ જે કુલને પુજ્ય તથા માનનીય તરીકે ગણ્યું છે, તેનું કુલ ભોગકુલ તરીકે પ્રખ્યાત થયેલું છે. તેઓના બધા વંશજો ભોગકુલના ગણાયા છે. આ વિશ્વની મર્યાદા બાંધનાર આદિનાથે જેઓને મિત્ર તરીકે ગણ્યા છે, તેઓની ગણના રાજન્ય કુલમાં થયેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનો વંશ **જ્ઞાતકુલ** એવા નામથી ઓલખાય છે. ઋષભદેવ પ્રભુનો પોતાનો વંશ તે **ઇક્ષ્વાકુ કુલ** કહેવાય છે. ઋષભદેવ ભગવાન્‌ના **કુરૂ** નામના પુત્રથી ચાલેલા વંશને **કૌરવવંશ** કહેલો છે. રૂષભદેવ ભગવાનના ચંદ્રયશા અને સૂર્યયશા નામના પુત્રોના વંશ ચંદ્રવંશ અને સૂર્યવંશના નામથી ઓળખાય છે, આ બધા વંશોની ગણના ઇક્ષ્વાકુ વંશમાં પણ થાય છે.

ચોથા આર્ય તે **કર્માર્ય** કહેવાય છે, તેઓ પોતાના કર્મ ધંધા ઉપરથી આર્યત્વમાં ઓલખાયા છે. કર્માર્યના અનેક ભેદ પડેલા છે; તોપણ તેઓમાં સાત ભેદને મુખ્ય રીતે ગણેલા છે. ૧ દોસિકા એક જાતિના કર્માર્થ કહેવાય છે. ૨ સૌત્તિકા, ૩ કર્પાસિકા, ૪ મુક્તિ વૈતાલિકા, ૫ ભંડવેતાલુકા, ૬ કોલાદિક અને ૭ નરવાહુનિકા ઇત્યાદિ પોતપોતાના કામ ઉપરથી ઓલખાઇ તેઓ **કર્માર્ય** પદને પામેલા છે.

પાંચમા **શિલ્પાર્ય** છે, તેઓ શિલ્પ એટલે પોતપોતાની કારીગરીને લઇ આર્યત્વને પામેલા છે, તે શિલ્પાર્યના ઘણા ભેદ થઇ શકે છે. તેઓમાં દરજી, રંગારા, વણકર, ચર્મકાર, કટકાર ( ઘાંચા ) સુથાર, છત્રકાર, ચિત્રકાર, ચણનાર, સંખારા, કુંભકાર લુહાર વિગેરે આર્ય કારીગરોની ગણના કરેલી છે.

છઠા **ભાષાર્ય** કહેવાય છે. જેઓ જુદી જુદી ભાષાઓ બોલનારા છે, તેઓ ભાષાને લઇને આર્યત્વને પામેલા છે, તેમાં જે અર્ધી માગધી ભાષા બોલનારા હોય તેઓનેજ આર્યત્વ ઘટિત છે. બ્રાહ્મી લિપીનાં અઢાર ભેદની પ્રવૃત્તિ એ ભાષામાં આવે છે. એ અઢાર લિપી અઢાર દેશની ભાષાથી ઓળખાય છે. તે ભાષાના શબ્દો પરસ્પર એક બીજાની ભાષામાં એકત્ર થએલા હોય છે. તે બધી ભાષા અર્ધ માગધી કહેવાય છે.

સાતમા **જ્ઞાનાર્ય** કહેવાય છે. પાંચ પ્રકારના જ્ઞાનના ભેદથી તે જ્ઞાનાર્યના પાંચ ભેદ પડે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનઃપર્યવજ્ઞાન, અને કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાનમાંથી જે કોઇજ્ઞાન ને ધારણ કરનાર હોય તે જ્ઞાનાર્યમાં ગણાય છે. એ ઉપરથી મતિજ્ઞાનાર્ય, શ્રુતજ્ઞાનાર્ય, અવધિજ્ઞાનાર્ય, મનઃપર્યવજ્ઞાનાર્ય અને કેવલજ્ઞાનાર્ય–એવા જ્ઞાનાર્યના પાંચ ભેદ થઇ શકે છે.

આઠમા **દર્શનાર્ય** છે. દર્શન ઉપરથી આર્યત્વ ને પ્રાપ્ત કરે-તે **દર્શનાર્ય** કહેવાય છે, એ દર્શનાર્યના મુખ્ય બે ભેદ છે. સરાગ દર્શનાર્ય અને વીતરાગ દર્શનાર્ય. તેમાં સરાગ દર્શનાર્ય કાર્યકારણ ના નયમતથી દશપ્રકારના થાય છે. તેમના ૧ નિસર્ગરૂચિ, ૨ ઉપદેશરૂચિ, ૩ આજ્ઞારૂચિ, ૪ સૂત્રરૂચિ, ૫ બીજરૂચિ, ૬ અ-ભિગમરૂચિ, ૭ વિસ્તારરૂચિ, ૮ ક્રિયારૂચિ; ૯ સંક્ષેપરૂચિ અને ૧૦ ધર્મરૂચિ–એવા દશનામ છે.

જે આર્ય કોઇ બીજાના ઉપદેશ વિના જાતિસ્મરણ કે પ્ર-તિભારૂપ પોતાની બુદ્ધિ એ સત્ય પદાર્થનું સ્વરૂપ જાણી શકે તે **નિસર્ગરૂચિ** સરાગ દર્શનાર્ય કહેવાય છે. આવા આર્યની સત્ય થવાની રૂચિ આત્માની સાથે તત્ત્વરૂપ બનવાને પરિણામ પામે છે. તેમજ જિનેંદ્ર દેવે જ્ઞાનના બળથી જોએલા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ તથા નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવ–એમ ચાર પ્રકારે પોતાની મેળેજ પરોપદેશ વિના જાણે અને તે ઉપર શ્રદ્ધા કરે તે **નિસર્ગરૂચિ** કહેવાય છે.

સર્વજ્ઞ **જિન** ભગવંતના અથવા છદ્મસ્થના ઉપદેશથી જીવાદિ નવ પદાર્થોની ઉપર શ્રદ્ધા કરે, તે બીજા **ઉપદેશરૂચિ આર્ય** કહેવાય છે.

પ્રવચનમાં જે આજ્ઞાઓ કહેલી છે તે સત્ય અને માનનીય છે, તેમજ પ્રવર્ત્તન કરવાને યોગ્ય છે, એમ જે માને તે ત્રીજા **આજ્ઞારૂચિ** આર્ય કહેવાય છે. અંગની અંદરના અને અંગની બાહેરના સૂત્રોને જે જાણે અને તે પ્રમાણે વર્તી સમ્યકત્વનું અવગાહન કરે, તે ચોથા **સૂત્રરૂચિ** આર્ય કહેવાય છે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જગત્‌માંનું નીતિમય શાસન.

( ગયા અંકથી ચાલુ ).

અસત્ અને અનીતિનું અસ્તિત્વ આ રીતે નિયમશાસ્ત્રથી વિરૂદ્ધ નથી; તેમ જ અસત અને અનીતિ સત્ તથા નીતિથી ઉત્પન્ન થતાં નથી. પણ સત્ તથા નીતિથી ઉલટી સ્થિતિઓ હોઇ સંભવરૂપે છે, અને મનુષ્યોના પ્રમાદથી મનુષ્યોની દુર્બુદ્ધિથી, સત્ તથા નીતિની મનુષ્યોથી થતી અવગણનાથી તે વાસ્તવિકતા પામે છે. તે સત્ તથા નીતિનાં શત્રુ હોઇ નીતિનિયમ ઉપરાંત મનુષ્ય ઉપર જુદું રાજ્ય ચલાવનાર શક્તિઓ નથી. ગીતામાં કહ્યું છે તેમ आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः। ( અધ્યાય ૬, શ્લોક ૫ ) ' આત્મા એજ આત્માનો બન્ધુ છે, આત્મા એજ આત્માનો રિપુ છે,' આત્મા નીતિનિયમનું અનુસરણ કરે છે ત્યારે પોતાનો બન્ધુ થાય છે, અને નીતિનિયમનું ઉલ્લંઘન કરે છે ત્યારે પોતાનો રિપુ થાય છે, તેને ખરાબ કરનાર બીજા કોઇ રિપુ નથી.

આ રીતે અસત્ તથા અનીતિનો સંભવ તે નીતિમય શાસનથી વિરૂદ્ધ નથી. એ સંભવની વધારે ચર્ચા ધર્મને લગતી છે, કેમકે આ જીવન પછીની અવસ્થા વિષે વિચાર તેમાં દાખલ થાય છે. પરંતુ પ્રસ્તુત વિષયમાં મર્યાદા નિર્ણય કરવા સારૂ એ ચર્ચા આવશ્યક થાય છે. દુનિયાની અવસ્થા નિયમિત શાસનને અનુકૂળ છે કે નહીં એ ચર્ચા સંબંધમાં દાકતર માર્ટિનો કહે છે, " દુનિયાની કેવી ઘટના હોવાની આપણે આશા રાખી શકીએ એ આ પ્રશ્નનો વિચાર કરતાં લક્ષમાં રાખવું જોઇએ; તે સિવાયની બીજી કલ્પિત ઘટનાની કસોટી ઉભી કરતાં પરસ્પર વિરોધી ધોરણો લાગુ કરવા આપણે બેસવું પડશે અને એક બીજા સાથે સંવાદી ન થાય એવાં ઉત્તમ લક્ષણો દુનિયામાં હોવાની માગણી કરવી પડશે, જગત્‌ના કર્તાની ઘટના તેના સત્સ્વરૂપને અનુકુળ છે કે કેમ એ જાણવા આપણે ઇચ્છીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીએ. એ પ્રમાણે એ ઘટના નીતિમય હોવી જોઇએ અને મનુષ્યમાં લક્ષણ ( Character ) બંધાય તે પ્રમાણે વર્તન થાય અને તે કસાય એવી વ્યવસ્થા હોવી જોઇએ; પરંતુ સારૂં લક્ષણ તે ખરી પસંદગીમાં રહેલું છે, અને તેની જોડે જ ખોટી પસંદગી શકય ન હોય તો તેનો અવકાશ રહેતો નથી, તેથી સંભવનો કેટલોક પ્રદેશ મનુષ્યની સ્વતંત્ર ઇચ્છાને સોંપી દીધેલો હોવો જોઇએ. કે જે પ્રદેશમાં તેમની પરિક્ષા થઇ શકે. સૃષ્ટિમાં અસિદ્ધિ તથા અપુર્ણતા અટકાવવાને બીજાં ગમે તેટલાં મજબૂત બંધનો હોય પણ આ વિષય તો એવો છે કે અનીતિ–અસત્–ના સંભવ માટે તે ખુલ્લો રહેવો જોઇએ. નીતિ ઉપરનું આ જોખમ ઇશ્વરની પવિત્રતાથી વિરૂદ્ધ નથી પણ તે પવિત્રતાને તત્કાળ પ્રકટ કરવા માટે તે આવશ્યક છે, અને તેથી માલમ પડે છે કે, સત્‌ની ફરજ પાડવામાં આવતી નથી, કારણ કે ફ–રજ પાડવામાં આવે તેજ ઘડીએ ફરજના સ્પર્ષ સાથે જ સત્‌નું સ્વરૂપ ઉડી જાય છે. પરંતુ અસત્‌નો સંભવ દૂર કરી શકાય તેમ ન હોય તે છતાં અનેક રીતે તે મર્યાદિત થઇ શકે; અને એટલું આપણે વાજબી રીતે માગી શકીએ કે એ મર્યાદા એટલી બધી વિશાળ હોવી જોઇએ નહીં કે જેથી નીતિમય જગતની સમતોલતા ( equilibrium ) ને જોખમ આવે અને નીતિના ધોરણ વગરના જગત કરતાં નીતિના ધોરણવાળા જગતની જે શ્રેષ્ઠતા છે તે નાશ પામે. જેમ આપણા ઘરમાં બાળકને આજ્ઞા ઉલ્લંઘન કરવાની છુટ રહેવા દેવામાં આવે અને તે જ સાથે કુમાર્ગે જવાય એવું પગલું તે ભરે એવો તેનાપર ભરોસો રાખવામાં ન આવે એવી યોગ્ય તુલના જાળવવી એમાં ડહાપણ ભરેલી કેળવણી છે તેજ પ્રમાણે જગતનું રાજ્ય નીતિએ ચલાવવામાં ઉત્તમોત્તમ ઉદારતા પ્રાપ્ત કરવાનો પુરતો અવકાશ રહે અને તે સાથે દોષ તથા વિમાર્ગગમન ઉપર ઘટતો કાબુ રહે એવી ઘટના હોવાની આપણે આશા રાખીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" દુનિયાની ઘટનાની કિંમત કરવામાં બીજી એક સાવચેતી એ ધ્યાનમાં રાખવાની છે કે એ વ્યવસ્થા એક સ્થિતિમાં સ્થિર રહેલી નથી, એક વાર વ્યવસ્થા સંપૂર્ણ થઇ ગઇ અને પછી સદૈવ તેવી જ રહેવાની એમ નથી; પણ તે હુમેશા સૃજાતી જ જાય છે, તેની ઘટનાના બધા અવયવો ગતિવાળાજ રહે છે અને અસંખ્ય પ્રકારે નવાં નવાં પરિણામ ઉત્પન્ન કરે છે. એ વ્યવસ્થા બદલાતી કિંમતવાળી સ્થિતિઓની પરંપરા દર્શાવે છે, અને તેમાંની એક સ્થિતિ પકડી લઇ એમ કહેવું કે એ દુનિયાની ઘટનાનું આનાથી ખરેખરૂં નિરૂપણ થાય છે, એગેરવ્યાજબી છે કારણ કે, જેનું साधन તરિકે જ મુખ્ય મૂલ્ય છે તેને એ રીતે સિદ્ધિ ઠરાવવાની ભૂલ થાય છે. વિશ્વના આ ભાગમાં એક વખતે ફકત અગ્નિનું ઘુમતું વાદળું હતું એમ આપણને કહેવામાં આવે છે. તે વખતે આકાશમાં પસાર થતા કોઇ બુદ્ધિમાન્ નિરીક્ષકે તે જોયું હોત તો એ શું છે તે એને સમજાતજ નહીં. અને તેને એમ લાગત કે જેણે એ વાદળું અહીં મુકયું હશે તેને જીવતાં પ્રાણીઓ ગમતાં નહિં હોય, અને પોતાનો પ્રદેશ એવો ઉષ્ણ કરવો કે તેમાં જીવતાં પ્રાણીઓ રહી શકે નહીં એવો તેનો સંકલ્પ તે નિરીક્ષકને જણાત. પણ આજે એ નિરીક્ષક પાછો આવે તો એ જ પ્રદેશમાં વસ્તિથી ઉભરાઇ જતા ગોળા તેને માલમ પડે. ઝાડની કિંમત તેપર થતાં બીપરથી નહિં પણ સો વર્ષમાં બની જતાં જંગલ ઉપરથી કરવી જોઇએ. અને એ રીતે, આપણી દુનિયામાં વિવિધ સંબંધોની જે ઘટના નજરે પડે છે તેનું મૂલ્ય જાણવા માટે કયા લક્ષ્ય હેતુ તરફ તેનું વલણ છે તે મુખ્યત્વે કરી જોવું જોઇએ, અને અમુક ક્ષણે તેની કેવી સ્થિતિ છે તે પર મુખ્ય દૃષ્ટિ કરવી જોઇએ નહિં. એ લક્ષ્ય હેતુથી દુનિયાની ખરી ભાવના માલમ પડે છે, અને ચૈતન્યવાન ઉત્પન્ન કર્તાનો અર્થ સમજાય છે. વિદ્યમાન સ્થિતિમાં જે અપૂર્ણતા છે તે માત્ર આગળના ઉત્કર્ષના આધારનું સ્થાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય અને તે ઉપર ટેકો મુકી આગળ પગલું ભવિષ્ય તરફ ભરવામાં આવે ત્યારે નીચે તે પડી જાય, તેમ હોય એમ બને. જીવનમાં ખામીઓ અને અનિષ્ટો છે તે ટીકાને પાત્ર નથી એમ હું કહેતો નથી. ફક્ત જ્યાં તે ક્ષણિક અને સાધનભૂત હોય ત્યાં તે જે હેતુને પુષ્ટ કરતાં હોય તેની સરખામણીમાં તેમની કિંમત કરવી જોઇએ, અને જે સિદ્ધિ માટે એ સાધનો વપરાય છે તે સિદ્ધિ એવી યોગ્ય નથી એમ બતાવવામાં આવે ત્યાં સુધી દોષ કહાડવો જોઇએ નહિ. " ( એ સ્ટડી ઓફ રિલિજીયન, ભાગ ૨, પ્રકરણ ૩, પૃષ્ઠ ૫૪–૫૫ ) અહીં દાક્તર માર્ટિનોના કહેવાનું તાત્પર્ય એ છે કે સૃષ્ટિ અપાર છે અને બધી રીતે ગમ્ય નથી. આત્માનું જીવન પણ મૃત્યુથી અટકતું નથી. મનુષ્યની જીંદગાનીનો આપણને જેટલો અનુભવ છે તેનાથી સૃષ્ટિના નિયમોનો અંત્ય નિર્ણય થઇ શકતો નથી. પરંતુ એક મનુષ્યનું જીવન અલ્પ છતાં એવા ઘણા મનુષ્યોનાં જીવન ઘણા કાળ સુધી નોંધાયાં જાય છે, તેથી તેમાં અનીતિનું ઉતરતાપણું છે કે નહિ એ પ્રશ્ન અકારણ નથી. અનીતિનો સંભવ દૂર થઇ શકતો નથી, પણ તેની હદ એવી હોવી જોઇએ કે નીતિથી નિયમિત થયેલી સૃષ્ટિનું સમતોલન નષ્ટ ન થાય, સૃષ્ટિ અનીતિથી ભરેલી ( immoral ) ન માલમ પડે એટલું જ નહિં પણ નીતિના ધોરણ વગરની ( unmoral ) પણ માલમ ન પડે એવી અનીતિના સંભવની મર્યાદા હોવી જોઇએ.

નીતિમય શાસન વિશે વિચાર કરતાં બીજી એક મર્યાદા ધ્યાનમાં રાખવાની છે તે એ છે કે દુનિયા સામાન્ય સાર્વત્રિક નિયમોવડે ચાલે છે. સૃષ્ટિ જે નિયમોને વશ છે તે સર્વકાલ સરખી રીતે પ્રવૃત્તિ કરે છે અને તેમાં વખતો વખત અથવા અકસ્માત ફેરફાર થતો નથી. નીતિના નિયમો યોજનારે જ આખી સૃષ્ટિના જડ–ચૈતન્ય પદાર્થોના નિયમો યોજ્યા છે, બધા નિયમોનાં ભાવી પરિણામો લક્ષમાં રાખી સૃષ્ટિ રચાઇ છે. તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીતિના વિજય માટે—પુણ્યના ફળ માટે અથવા અનીતિના પરાભવ માટે—અને પાપની શિક્ષા માટે સૃષ્ટિના નિયમોનો ભંગ થતો નથી અને થવો જોઇએ પણ નહિં. અર્થાત સૃષ્ટિના નિયમો ઉપરાંત અને નિયમોથી અલગ ચમત્કારો ( miracles ) થતા નથી. નીતિમાન્‌ને લાભ કરવા અથવા હાનિથી બચાવવાં એકાએક નિયમો તોડવા પડતા હોય અથવા અનીતિને લાભ થતો અટકાવવા કે શિક્ષા કરવા એકાએક નિયમો તોડવા પડતા હોય તો નિયમો ઘડતી વખતે—સૃષ્ટિ રચતી વખતે એટલી ખામી રહી ગયેલી, એટલું વિચારમાં લેવું રહી ગયેલું, એટલા માટે ઘટના કર્યા વિના નિયમો ભૂલમાં રચાઇ ગયેલા, એમ અયુક્ત અનુમાન થાય. આ સંબંધમાં એક ઇંગ્રેજ લેખક કહે છે, કે " કુદરતના સામાન્ય નિયમોનો ભંગ થઇ ઇશ્વરની દિવ્ય શક્તિના આવિર્ભાવરૂપ ચમત્કારો થાય એ આ રીતે અસંભવિત માલમ પડે છે—( ૧ ) કારણ કે, ઇશ્વર હાજર છે એમ બતાવવામાં એ કાંઇ કામમાં આવે તેમ નથી, નિયમાનુસાર ઇશ્વરની શક્તિનો વ્યાપાર ચાલ્યો જાય છે એથી ઇશ્વરની હાજરી માલમ પડે છે જ; ( ૨ ) કારણ કે કોઇપણ બનાવ સર્વ નિયમથી અતિક્રાન્ત છે એમ સાબીત કરવું એ અશક્ય છે; ( ૩ ) કારણ કે, એકંદર રીતે માનવ અનુભવ એમ દર્શાવે છે કે ઇશ્વર પોતાની મૂળ યોજનાનેજ વળગી રહે છે; ( ૪ ) કારણ કે, ઇશ્વરના નિયમો બધા બનાવો માટે પર્યાપ્ત છે એ ધારણા મૂકી દેવાથી ઇશ્વરના ડહાપણ માટેનો આપણો વિચાર ઉતરી જાય છે. " ( આઉન્ડસ એન્ડ પ્રિન્સિપલ્સ ઓફ રિલિજીયન, કર્તા જોન રાઇટ. પ્રકરણ ૭—ચમત્કારો. પૃષ્ઠ ૧૦૪ ). સૃષ્ટિ કર્તાના ચમત્કારો સૃષ્ટિની વિશાળ યોજનામાં, મહાન અને દૂરગામી નિયમોમાં, ભવ્ય અને સુન્દર બનાવોમાં અને પ્રાણીઓને આપેલી અદ્‌ભુત શક્તિઓમાં રહેલા છે, એ સર્વ ચમત્કાર પૂર્ણજ છે, અને તેના તરફ આનંદ આશ્ચર્યવૃત્તિ થવામાટે નિયમોના ભંગરૂપ ચમત્કારોની કાંઇપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશ્યક્તા નથી. ધર્મના વિષયમાં ન ઉતરતાં, પ્રસ્તુત ચર્ચા સંબંધે એટલુંજ લક્ષમાં રાખવાનું છે કે નીતિના શાસન માટે એવા નિયમભંગોની એવા ચમત્કારોની આવશ્યકતા નથી. હમેશના નિયમો નીતિનિયમનું શાસન જાળવવાને બસ છે તે આગળ જતાં જોઇશું. વળી તેની સાથે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે હમેશના નિયમોની પ્રવૃત્તિ થતી રહેશે એમ ધારીનેજ મનુષ્યો નીતિને માર્ગે ગતિ કરે છે, સત્ય બોલવાથી એકાએક હાથમાંના કણનો ધનભંડાર થઇ જશે એમ મનુષ્યો આશા રાખતા નથી. અસત્ય બોલવાની કે બીજું દુરાચરણ કરવાની ના પાડનાર સત્ય અને નીતિ ખાતર પ્રાણ ખોવા તૈયાર થાય છે ત્યારે એમ આશા રાખતો નથી કે આ માટે તેનો વધ કરનારની તરવાર એકાએક પોચી થઇ જશે અથવા તેનો હાથ એકાએક જડ થઇ જશે અને આખરે પ્રાણ ખોવો નહિં પડે. આવી આશાઓ રાખી નીતિ પળાતી હોય તો નીતિની કિંમતજ ન હોય, નીતિમાં કાંઇ ઉચ્ચતા કે ઉદારતાજ નહોય. નીતિ તે માત્ર ફાયદો મેળવવાની યુક્તિ બની જાય અથવા હુમલો કરનારને ડરાવવાને ઢોંગ થઇ પડે. આ રીતે, સીતા સરખાં પુણ્યશાળી પવિત્ર મનુષ્યો અગ્નિમાંથી વગર દાઝે પસાર થઇ શકે એ શકયતા નીતિનિયમની સત્યતા માટે આવશ્યક નથી. જુના કાળમાં ન્યાય કરવામાં ' દિવ્ય ' ( trial by ordeal )થી પારખું જોવામાં આવતું, તપાવેલું લોખંડ હાથમાં લઇ દાઝે નહિં તેની વાત સાચી ઠરાવવી એવું ધોરણ બાંધવામાં આવતું, એ પણ નીતિ નિયમની પ્રવૃત્તિ સંબંધમાં ભુલભરેલો વિચાર હતો. જડ પદાર્થોના નિયમો પોતાની ઘટના પ્રમાણે ચાલે છે, જડ પદાર્થો કે તેમના ધર્મો નીતિ અનીતિનો ભેદ જોઇ શક્તા નથી, તે ભેદ જોઇ જડ પદાર્થોના નિયમો પોતાને એકાએક બદલી શકતા નથી અને સૃષ્ટિનો નિયંતા તે બદલવા વચ્ચે પડતો નથી. દુનિયા જેવી છે તેવી દુનિયામાં રહી નીતિ પાળવામાં માણસની પરીક્ષા છે, માણસની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્નતિ છે. ધર્મ અને નીતિ માટે જુલમીને હાથે પ્રાણ ત્યાગ કરવામાં ધર્મ અને નીતિનો વિજય છે. પ્રહ્‌લાદ પેઠે ધાર્મિક જનોને તપાપેલા સ્તંભ દઝાડતા ન હોય તો ધર્મ અને નીતિ બહુ સહેલાં થઇ જાય. પ્રહ્‌લાદ સરખી શ્રદ્ધા અને ધાર્મિકતા વગરના માણસો પણ એમ બચી જવાની આશાથી તપાવેલા સ્તંભને વળગવા તૈયાર થઇ જાય. સૃષ્ટિના નિયમોની સાર્વત્રિક અશિથિલતાજ નીતિના વિજયને અવકાશ આપે છે.

( અપૂર્ણ )

વસન્ત.

# માનપત્રનો મેળાવડો.

અમારી આત્માનંદ સભાના એક સભાસદ મી. ઝવેરચંદ મગનલાલ મુંબાઇની યુનિવર્સીટિની એલ. સી. ઇ. ની પરીક્ષામાં ફતેહમંદ થવાથી એમને અમારી સભા તરફથી માનપત્ર આપવાનો એક મેળાવડો અત્રેની સામળદાસ કોલેજના પ્રીન્સીપાલ મહેરબાન સંજાણા સાહેબના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. મેળાવડામાં અમારી સભાના સભાસદો ઉપરાંત સંઘના પ્રતિષ્ઠિત ગૃહસ્થો, દરબારી અમલદારો તથા અન્ય કોમના માનવંતા ગૃહસ્થો, વગેરેએ હાજરી આપી હતી. પ્રથમ મી. ગુલાબચંદ આણંદજીએ મેળાવડો મેળવવાનું કારણ કહી બતાવી આગળ જણાવ્યું કે—

મર્હુમ ન્યાયામ્ભોનિધિ મુનિરાજ શ્રીમદ્ આત્મારામજીના ભક્તિમાન્ શ્રાવકવર્ગે એમના સ્મરણાર્થે લગભગ બાર વર્ષ પહેલાં આ સંસ્થા સ્થાપન કરી છે. એ સંસ્થાના સ્થાપકોમાં મર્હુમ વીરચંદ રાઘવજી ગાંધી બેરીસ્ટર-એટ-લો, મુલચંદ નથુભાઇ વકીલ અને હરીચંદ નથુભાઇ બેરીસ્ટર-એટ-લો અગ્રેસર હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ત્રણે નરરત્નોનો સ્વર્ગવાસ થવાથી જો કે આ સભાને પૂરેપૂરી ખોટ આવી છે. તો પણ એમની પછી એમને પગલે ચાલનાર બીજા સભાસદોના ખંત તથા પ્રયાસથી આ સભા અત્યારે બહુ સારી સ્થિતિપર મુકાયેલી છે. આ સભા તરફથી ચારેક વર્ષ થયાં " આત્માનંદ પ્રકાશ " નામનું માસિક દર માસે પ્રસિદ્ધ થાય છે. એની અંદર ધાર્મિક તેમજ વ્યવહારિક ઉત્તમ લેખો પ્રગટ કરવામાં આવે છે. વળી આ સભાને અંગે એક લાઇબ્રેરી પણ છે. એની અંદર ધર્મ સંબંધી અને નીતિના વગેરે મળીને મોટી સંખ્યામાં પુસ્તકો એકઠાં કરેલાં છે, જેનો લાભ, એ લાઇબ્રેરી ફ્રી હોવાના સબબે; હમણાં ઘણાં માણસો લે છે. કેળવણીને ઉતેજન આપવા વગેરે કાર્યમાં પણ આ સભા પૂરતી ખંતથી પ્રયાસ કરે છે. ઇત્યાદિ ઇત્યાદિ કારણોને લઇને આ સભાના સભાસદોની સંખ્યા હાલમાં વધીને એકસો ને પચવીશ સુધી પહોંચી છે.

ત્યારબાદ સેક્રેટરી મી. દામોદરદાસ હુરજીવનદાસે માનપત્ર વાંચી સંભળાવ્યું હતું તે નીચે પ્રમાણેઃ—

॥ ॐ नमः सिद्धं ॥

# માનપત્ર.

## સદ્‌ગુણ સંપન્ન વિવેકી ધર્મબંધુ—

## ભાઈશ્રી ઝવેરચંદ મગનલાલ શાહ,

એલ, સી, ઇ.

અમો શ્રી આત્માનંદ સભાના સભાસદો ચાલતા વર્ષમાં તમોએ પ્રાપ્ત કરેલ મુંબઇ યુનીવર્સીટીની એલ, સી, ઇ. ની માનવંતી ડીગ્રીને શુભ પ્રસંગે, અમોને ઉત્પન્ન થએલ આનંદ આ લઘુ માનપત્રદ્વારા જણાવવાની અતિ ઉત્તમ તક હાથ ધરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂના જેવાં અજાણ્યાં અને નહીં પીછાનવાળા શેહેરમાં ત્રણ વર્ષ રહી અપરિમિત પ્રયત્ન વડે પૂરતી ખંતથી, લઘુવયમાં એલ, સી, ઇ. ની માનવંતી ડીગ્રી [પદ્‌વી] હાલમાં જે તમોએ મેળવી છે, જેવી ડીગ્રી અદ્યાપિ પર્યંત આપણા ભાવનગર નિવાસી શ્રાવક સમુદાયમાં કોઇ પણ વિદ્યાસાધક યુવાને મેળવી નથી; અને તમે પ્રથમજ એવી ડીગ્રી મેળવવાને ભાગ્યશાળી થયા છો તે અમોને તેમજ આપણા સર્વ જૈન બંધુઓને હર્ષ ઉત્પન્ન કરે એ સ્વભાવિક છે,

આપણી આ સભા વ્યવહારિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિને પુષ્ટ કરનારી એક સંસ્થા છે, એવી વ્યવહારિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિને પુષ્ટ કરનારી સંસ્થાની અંદર આપના જેવા વ્યવહારિક તેમજ ધાર્મિક ઉંચ વૃત્તિને માટે લાગણી ધરાવનાર અને ઉત્સાહ રાખનાર એક સ્વધર્મી બંધુને, આવી ઉચ્ચ સ્થિતિએ આવેલા જોઇ અમોને જે હર્ષ થાય છે તે બતાવવાને આ માનપત્રને ઉત્તમ સાધન માની આપને એનાયત કરીએ છીએ.

જ્યારથી આ સભા સ્થાપન થઇ ત્યારથી અદ્યાપિ પર્યંત આ સભા પ્રત્યે આપના પીતાશ્રી સી. મગનલાલ ઓધવજીની જે સ્નેહ ભરેલી લાગણી છે, તેને લઇને આ સભાને ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરાવવા તેઓએ જે તન મન અને ધનથી અસખલીત પ્રયાસવડે સેવા બજાવી છે તેને માટે અમોને મોટું માન છે. તેને પગલે ચાલી તમો અત્યારે જે સ્નેહ ભરેલી લાગણી બતાવો છો, તેને તમારા પીતાશ્રી માફક બલકે તેથી વિશેષ પ્રકારે પ્રકાશિત કરી બતાવશો એમ અમોને માનવાને મજબુત કારણ છે. તેને આપ સ્મરણમાં રાખી સત્ય કરી બતાવશો એવો અમોને સંપૂર્ણ વિશ્વાસ છે.

હવે પછીની આપની ઉચ્ચ જીવન ધારણ કરનારી જીંદગીમાં પ્રમાણીકપણે વર્તી તમારી કીર્તિને તેમજ આ સભા સાથેના તમારા પીતાના ઉત્તરોત્તર સંબંધને વિશેષ ઉજવલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરશો, તેમજ દિવસાનુદિવસ તમે વિશેષ અભ્યુદય મેળવી જૈન કોમનું હિત થાય તેવાં કાર્યો કરી, અને વિદ્યાદેવીના પ્રતાપથી તમે સંપત્તિવાન થઇ બીજા આપણા જૈન બંધુઓને તમારા જેવી સરસ્વતી દેવીની પ્રાસાદી પ્રાપ્ત કરાવવા સાધનભૂત થશો એમ અમે અંતઃકરણથી ઇચ્છીએ છીએ; અને તેની સિદ્ધિને માટે પરમ કૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરી આ લઘુ માનપત્ર સમાપ્ત કરીએ છીએ.

સંવત ૧૯૬૩ ના માહા વદી, ૪ શનીવાર તા. ૨-૨-૧૯૦૭

અમો છીએ તમારા શુભેચ્છકો.

આપણી

શ્રી આત્માનંદ સભાના સભાસદો,

ભાવનગર.

માનપત્ર વંચાઇ રહ્યા બાદ સભાના પ્રમુખ સ્થાનપરથી મહેરબાન સંજાણા સાહેબે કેળવણી વિષે થોડા પણ બહુ અસરકારક શબ્દોમાં હાજર રહેલા વિદ્યાર્થી વર્ગ વગેરે પ્રત્યે વિવેચન કરી, એ [ માનપત્ર ] ચાંદીના નકશીદાર સુશોભિત દાબડામાં મુકી મી. ઝવેરચંદને એનાયત કર્યું હતું. એનો સ્વીકાર કરતાં મી. ઝવેરચંદે ઘટતા શબ્દોમાં ઉત્તર આપ્યો હતો. ત્યારબાદ શાસ્ત્રી નર્મદાશંકર દામોદરે પ્રસંગને અનુસરતા સંસ્કૃત સુભાષિત વડે સભાસદોના મન રંજન કર્યા હતાં.

માનપત્રનું કામ ખલાસ થયા પછી, અમારી સભાના પ્રમુખ મર્હુમ મુળચંદભાઇના સ્મરણાર્થે ઉભા થયેલા ફંડમાંથી અત્રેની હાઇસ્કુલના વિદ્યાર્થીઓને મહેરબાન સંજાણા સાહેબના હાથથીજ ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ પાન ગુલાબ લઇ મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only